## જ્ઞાન સહાયક અને ખેલ સહાયક યોજના

## પ્રેસનોટ

રાજય સરકાર દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત ભરતી પધ્ધતિથી ભરવામાં આવે ત્યાં સુધી વિધાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ ઉભો ન થાય તે હેતુ થી જ્ઞાન સહાયક શિક્ષકોની કરાર આધારિત નિમણૂંક કરવાનો નિર્ણય કરેલ છે. ઉપરાંત વિધાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઇ શકે તથા યોગ, શારીરિક શિક્ષણ, તથા રમત-ગમતમાં રસ રૂચિ વધે તેમજ ભવિષ્યમાં યોજનાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓમાં ગુજરાતનાં વિધાર્થીઓ વધારે સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકે તે માટે શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને રમત-ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવાના હેતુથી ખેલ સહાયક યોજના અમલમાં મૂકવા માટે નિર્ણય કરવામાં આવેલ છે.

આ બંને યોજનાઓની મહત્વની બાબતો નીચે મુજબ છે.

**જ્ઞાન સહાયક**

- રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખાસ કરીને 'મિશન સ્કુલ્સ ઓફ એકસલન્સ' માં પસંદ થયેલ શાળાઓમાં ધોરણ દીઠ શિક્ષક ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી ઉપલબ્ધ ખાલી જગ્યા ઉપર કરાર આધારિત 'જ્ઞાન સહાયક' મૂકવા માટે નિર્ણય કરવામાં આવેલ છે.
- આ માટે પ્રાથમિક શાળાઓમાં ૧૫૦૦૦ અને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે ૧૧૫૦૦ જ્ઞાન સહાયકની કરાર આધારિત નિમણૂંક કરવામાં આવશે.
- કરાર આધારિત નિમણૂંક મેળવેલ પ્રાથમિક વિભાગના જ્ઞાન સહાયકને રૂ. ૨૧,૦૦૦/- માધ્યમિક વિભાગ માટે ૨૪,૦૦૦/ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે રૂપિયા ૨૬,૦૦૦/- ઉચ્ચક માનદ વેતન આપવામાં આવશે.
- જ્ઞાન સહાયંક તરીકે કરાર આધારિત નિમણૂંક મેળવવા પ્રાથમિક વિભાગ માટે TET-2 પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ઉમેદવારો, માધ્યમિક વિભાગ માટે TAT (માધ્યમિક) અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે TAT (ઉચ્ચત્તર માધ્યમિક) પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ઉમેદવારો અરજી કરી શકશે.
- અરજી કરનાર અરજદારોએ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ શાળાઓની યાદી પૈકી તેઓ કઇ શાળામાં/શાળાઓમાં 'જ્ઞાન સહાયક' તરીકે કામગીરી કરવા ઈચ્છે છે તેની પસંદગી ઓનલાઇન(online) કરવાંની રહેશે અને Merit cum Preference મુજબ શાળાવાર જ્ઞાન સહાયકની યાદી તૈયાર કરી સંબધિત જિલ્લાના અધિકારીઓને મોકલી આપવામાં આવશે.

**ખેલ સહાયક**

- રાજ્યની 300 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં 'ખેલ અભિરૂચિ કસોટી(SAT)'માં ઉતિર્ણ થયેલા પ્રાથમિક વિભાગ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં કુલ મળીને અંદાજે ૫૦૭૫ ખેલ સહાયકની કરાર આધારિત નિમણૂંક કરવામાં આવશે.
- કરાર આધારિત નિમણૂંક મેળવેલ ઉમેદવારોને રૂ.૨૧,000/- ઉચ્ચક માનદ વેતન આપવામાં આવશે.
- અરજી કરનાર અરજદારોએ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ શાળાઓની યાદી પૈકી તેઓ કઈ શાળામાં/શાળાઓમાં 'ખેલ સહાયક' તરીકે કામગીરી કરવા ઈચ્છે છે તેની પસંદગી ઓનલાઇન(online) કરવાની રહેશે અને Merit cum Preference મુજબ શાળાવાર ખેલ સહાયકની યાદી તૈયાર કરી સંબધિત જિલ્લાના અધિકારીઓને મોકલી આપવામાં આવશે.
- આ બન્ને કરાર આધારિત નિમણૂંક માટે પ્રાથમિક વિભાગમાં શાળા વ્યવસ્થાપન સમિતિ મારફતે તથા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે શાળા સંચાલક મંડળ/શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ દ્વારા કરાર કરવામાં આવશે.